# બોર્ડ બેઠક નં.૨૫૦

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/૦૩/૨૦૨૨ના રોજ સાંજના ૪:૦૦ કલાકે મળેલ ૨૫૦ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

**બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (3) | પ્રમુખશ્રી<br>જીલ્લા પંચાયત, વડોદરા | સભ્યશ્રી |
| (૪) | પ્રાદેશિક કમીશ્નરશ્રી<br>નગર પાલિકાઓની કચેરી,૪ થો માળ, વુડા, વડોદરા. | સભ્યશ્રી |
| (૫) | મુખ્ય નગર નિયોજકશ્રીના<br>પ્રતિનિધિ<br>પ્રવર નગર નિયોજકશ્રી,<br>નગર રચના અધિકારીશ્રી, વડોદરા શાખા | સભ્યશ્રી |
| (૬) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી,<br>વડોદરા જીલ્લા પંચાયત, વડોદરાના પ્રતિનિધિ | આમંત્રીત સભ્યશ્રી |
| (૭) | મુખ્યકારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |

**આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૧૩ નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.**

**મુદ્દા નંબર :(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૪/૦૧/૨૦૨૨ ની ૨૪૯ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૪/૦૧/૨૦૨૨ ની ૨૪૯ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર.નં.યુડીએ/મીટીંગ/૩૦/૨૦૨૨, તા.૧૦/૦૧/૨૦૨૨ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી વાંધાસુચન મળેલ ન હોય સર્વાનુમતે બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક:(૨૭૭૫)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૪/૦૧/૨૦૨૨ ની ૨૪૯મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૧૦/૨૦૨૧ ની ૨૪૮ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૧૦/૨૦૨૧ ની ૨૪૮ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ જે વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક:(૨૭૭૬)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૧૦/૨૦૨૧ ની ૨૪૮ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદા નંબર:** **(૩)** સને-૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આઉટ સોર્સીંગ મેનપાવર સવિસ પુરી પાડવા અંગેના ટેન્ડર પ્રક્રિયાના રેન્ક L-1 ના ટેન્ડરશ્રી દેવી દુર્ગા કન્સ્ટ્રકશન એન્ડ સિકયુરીટીઝ ને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાની કચેરીની જુદી-જુદી શાખાઓ માટે આઉટ સોર્સીંગથી અર્બન પ્લાનર, GIS એક્ષપર્ટ, AAE, પ્લાનીંગ આસીસ્ટન્ટ, કોમ્પ્યુટર ઓપરેટર, સર્વેયર, ઓટોકેડ ઓપરેટર, લીગલ એડવાઇઝર, ડ્રાઇવર, પ્યુન, સ્વીપર, લીફ્ટમેન, સિકયુરીટી ગાર્ડ વિગેરે વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગના કર્મચારીઓ મેળવવા મેન પાવર આઉટ સોર્સીંગ સર્વિસીસ ધ્વારા ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ માટે એજન્સી નકકી કરવા (n)Procure સાઇટ પર ઓનલાઇન ટેન્ડરીંગ કરવામાં આવેલ છે. જે અંગે (n)Procure વેબસાઇટ પર ટેન્ડર નોટીસ નં.Tender ID:501522/2022 થી ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. જે અંગે (૧) શ્રી ડી. જી. નાકરાણી, (૨) ઇમ્પ્રેશન સિસ્ટમ પ્રા.લી., (૩)નેશનલ સિકયુરીટી સર્વિસીસ, (૪) એસ. આર. એન્ટરપ્રાઇઝ, (૫) વિઠલ ફેસીલીટીઝ પ્રા.લી., (૬) ડી.આર. એન્ટરપ્રાઇઝ, (૭) મેડીએટ રીકરુટ મેનેજમેન્ટ પ્રા.લી.,(૮) દેવી દુર્ગા કન્સ. એન્ડ સિકયુરીટીઝ, (૯)અંશ એન્ટરપ્રાઇઝ મળી કુલ-૯ ટેન્ડરો પ્રિકવોલીફાઇડ/ફિઝીકલ રજુ થયેલા છે. જે અંગે કોમર્શીયલ બીડ તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ ઓનલાઇન ખોલવામાં આવતા (૧) અંક એન્ટર પ્રાઇઝ, (૨) દેવી દુર્ગા કન્સ. એન્ડ સિકયુરીટીઝ, (૩) શ્રી દિપક જી. નાકરાણી, (૪) મેડીએટ રીકરુટ મેનેજમેન્ટ પ્રા.લી. અને (૫) વાઇટલ ફેસિલીટીઝ પ્રા.લી. મળી **કુલ-૫ ટેન્ડરરશ્રીઓનો સર્વિસ ચાર્જ ૧ % (ટકા) પ્રમાણે રેન્ક : L1 માં સમાવેશ થયેલો છે.** જેથી તા.૨૪/૦૨/૨૦૨૨ ને ગુરુવારના રોજ ડ્રો સીસ્ટમ (કાપલી ઉછાળ) થી ડ્રો રાખવામાં આવેલ. **આ ડ્રો પ્રક્રિયામાં L1 તરીકે દેવિ દુર્ગા કન્સ. એન્ડ સિકયુરીટીઝ વિજેતા બનેલ.** અને L2 તરીકે દિપક જી. નાકરાણી વિજેતા બનેલ. જેથી અત્રેની કચેરીના હુકમ નં.યુડીએ/એડીએમ/૩૧૩/૨૦૨૨, તા.૦૮/૦૩/૨૦૨૨ થી **દેવિ દુર્ગા કન્સ. એન્ડ સિકયુરીટીઝને** આઉટ સોર્સીંગ મેનપાવરથી કર્મચારીઓની સેવાઓ લેવા માટે તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધીનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે.

ઉપરોકત દર્શાવેલ વિગતે સને-૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આઉટ સોર્સીંગ મેનપાવર સવિસ પુરી પાડવા અંગે ઓનલાઇન ટેન્ડર પ્રક્રિયાના રેન્ક L-1 ના ટેન્ડરશ્રી દેવી દુર્ગા કન્સ્ટ્રકશન એન્ડ સિકયુરીટીઝ ને સત્તામંળની બહાલી માટે વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક:(૨૭૭૭)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં સને-૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આઉટ સોર્સીંગ મેનપાવર સર્વિસથી વર્ગ-૪ ના કર્મચારીશ્રીઓની સેવા પુરી પાડવા અંગે ટેન્ડર પ્રક્રિયાથી રેન્ક L-1 ના ટેન્ડરશ્રી દેવી દુર્ગા કન્સ્ટ્રકશન એન્ડ સિકયુરીટીઝ વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જે પ્રક્રિયાને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નં (૪) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીની ટેકનીકલ શાખા માટે નવું પ્લોટર પ્રિન્ટર ખરીદ કરવા બાબત.**

અત્રેની કચેરીના ટેકનીકલ શાખાએ હાલમાં TP/DP બનાવવાની કામગીરી કાર્યરત છે.અને આગામી સમય સમયમાં TP સ્કીમની બેઠક મળનાર છે. TP/DP ને લગતા નકશાઓ પ્લોટર પેપરના રોલ પર બનાવવાના થાય છે. TP/DP ની કામગીરી માટે તા.૧૦/૧૨/૨૦૨૨ ના રોજ રૂ!.૬,૩૫,૬૪૪/-ના ભાવે HP Design Jet T2300 ખરીદવામાં આવેલ જે સંભવિત સમય જુન/૨૦૨૧ થી બંધ પડેલ છે.જેને પુન:કાર્યરત કરવું ઘણું જ મુશ્કેલ છે. TP/DP ની અગત્યની કામગીરીને પહોંચી વળવા નવા પ્લોટર પ્રિન્ટરની ખરીદી કરવાની માંગણી રજુ થયેલ છે. નવું પ્લોટર મશીન ખરીદ કરવાના કામે Monotech systems limited સેલ એક્ઝીકેટીવ શ્રી રૂપેશ પવાર નો સંપર્ક કરતાં અંદાજીત રૂ!.૭.૫૦ લાખથી રૂ!.૮ લાખ થાય તેમ જણાવેલ છે.તા.૦૮/03/૨૦૨૨ ના રોજ GeM પોર્ટલ પરથી Canon Multifunction Wideformat Printer Plotters printers (TX-5310 MFP Z36) નો ભાવ રૂ!.૭,૬૮,૬30/- હોવાનુ જણાઇ આવેલ છે.આમ નવા પ્લોટર પ્રિન્ટર ખરીદ કિંમત રૂ!.૭.૫૦ થી ૮ લાખ થાય તેમ છે. નવા પ્લોટર પ્રિન્ટરની ખરીદી રૂ!. ૫ (પાંચ) લાખથી વધુ હોવાથી બોર્ડની મંજુરી મેળવવી જરૂરી છે.જે ધ્યાને લઇ આ નવા પ્લોટર પ્રિન્ટરની ખરીદી માટે કચેરીના વડા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને જરૂરી આગળની કાર્યવાહી કરવા વુડા બોર્ડ સમક્ષ ચર્ચા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં તે મુજબ સર્વ સમંતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૭૭૮ )** ઉકત મુધ્દા બાબતે વિગતવાર ચર્ચા કરી નવું પ્લોટર પ્રિન્ટર ખરીદ કિંમત રૂ!.૭.૫૦ થી ૮ લાખ થાય તેમ છે. નવા પ્લોટર પ્રિન્ટરની ખરીદી રૂ!. ૫ (પાંચ) લાખથી વધુ હોવાથી બોર્ડની મંજુરી મેળવવી જરૂરી છે.જે ધ્યાને લઇ આ નવા પ્લોટર પ્રિન્ટરની ખરીદી માટે કચેરીના વડા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને જરૂરી આગળની કાર્યવાહી કરવા વુડા બોર્ડ સમક્ષ ચર્ચા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં તે મુજબ સર્વ સમંતીથી તે પરત્વેની આગળની સધળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**મુધ્દા નં (૫) સત્તામંડળનું સને ૨૦૨૧-૨૨ના નાંણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૨-૨૩ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૧-૨૨ ના નાંણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રને બહાલી માટે રજુ કરેલ છે.

ઠરાવ ક્રમાક :(૨૭૭૯) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૧-૨૨ ના નાંણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૨-૨૩ ના અંદાજપત્ર બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવેલ. આ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના સુધારેલ અંદાજપત્ર અને નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

**મુદ્દા નંબર ( ૬ ) :** વુડા વિસ્તારમાં મોજે તલસટ અને ખટંબા પંચાયતોને ઘન કચરાના નિકાલ માટે ઈ-રીક્ષા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ગામની આજુબાજુમાં નોન ટી.પી વિસ્તારમાં રહેણાંક વિકાસ થયેલ છે. આ ગામોની આજુબાજુ થયેલ વિકાસને કારણે વસવાટ વધતા ઉત્પન્ન થતા ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો પાસે પુરતા સાધનો ન હોવાને કારણે આ ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો દ્વારા ઈ-રીક્ષાની માંગણી કરવામાં આવે છે. જેમાં ગ્રામ પંચાયતની માંગણી પરત્વે વુડા બોર્ડની મંજુરી બાદ ઈ-રીક્ષાની ફાળવણી કરવામાં આવે છે. જે મુજબ અત્યાર સુધી ૩૦ ગ્રામ પંચાયતોને ૧૦૩ ઈ-રીક્ષા ફાળવી આપેલ છે તથા ૦૭ ગ્રામ પંચાયતો માટે ૨૦ માંથી ૧૪ ઈ-રીક્ષાઓ ફાળવવા એજન્સીને વર્ક ઓર્ડર આપેલ છે તથા વપરાશમાં ન હોય તેવી ૦૬ ઈ-રીક્ષા કોયલી ૦૩ (ત્રણ) તથા અણખોલ ૦૩ (ત્રણ) ગ્રામ પંચાયત દ્વારા પરત આપેલ છે. તેમજ અગાઉ વુડા બોર્ડ બેઠક નં. ૨૪૯ ના ઠરાવ ક્રમાંક ૨૭૬૭ અન્વયે દુમાડ ગ્રામ પંચાયત અને નિમેટા ગ્રામ પંચાયતોની માંગણી પરત્વે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદાર નક્કી કરી દુમાડ ગ્રામ પંચાયત ૦૪ (ચાર) ઈ-રીક્ષા તથા નિમેટા ગ્રામ પંચાયત ૦૩ (ત્રણ) ઈ-રીક્ષા આપવાનું નક્કી થતા તે પરત્વે નવેસરથી ટેન્ડર પ્રકિયા પ્રગતિ હેઠળ છે. જેમાં ઈજારદારશ્રી સાથે ભાવો નક્કી કર્યાબાદ વર્ક ઓર્ડરની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. તેમજ અગાઉ તલસટ ગ્રામ પંચાયતને ૦૧ (એક) ઈ-રીક્ષા ફાળવી આપેલ હતી.

હાલમાં તલસટ ગ્રામ પંચાયત દ્વારા ૦૫ (પાંચ) ઈ-રીક્ષા તથા ખટંબા ગ્રામ પંચાયત દ્વારા ૦૨ (બે) ઈ-રીક્ષાની માંગણી આવેલ છે. તે પરત્વે ટેન્ડર પ્રક્રિયા બાદ નવા ભાવ મુજબ તલસટ ૦૩ (ત્રણ) તથા ખટંબા ૦૨ (બે) ગ્રામ પંચાયતોને કુલ ૦૫ (પાંચ) ઈ-રીક્ષા ની માંગણી પરત્વે ઇ-રીક્ષાની ખરીદી કરી મરામત અને નિભાવણી જેતે ગ્રામ પંચાયત ધ્વારા કરવાની શરતે ફાળવણી કરવા તથા તે અંગે થનાર ખર્ચની મંજુરી આપવા જે કાર્યવાહીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૭૮૦): મોજે તલસટ અને ખટંબા ગ્રામ પંચાયતોની ઈ-રીક્ષાઓની માંગણી પરત્વે નવીન ટેન્ડર પ્રકિયા દ્વારા નક્કી થયેલ ભાવ મુજબ તલસટ ગ્રામ પંચાયતને ૦૨ (બે) તથા ખટંબા ગ્રામ પંચાયતને ૦૨(બે) ઇ-રીક્ષા આપવા કુલ ૦૪(ચાર) ઇ-રીક્ષા તથા ભવિષ્યામાં ખરીદી કરવાની થતી ઇ-રિક્ષા પણ મંજૂર થયેલ ભાવ મુજબ ખરીદી કરવાની મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નં. ( ૭ ) :** પાણી અને ડ્રેનેજની કામગીરી માટે મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જીનીયર લેવા બાબત.

વુડા દ્વારા વિવિધ મંજૂર ટી.પી. સ્કીમોમાં ડેવલોપમેન્ટના કામો અંતર્ગત રોડ, ડ્રેનેજ, પાણી, કાંસ, આવાસોના બાંધકામ તથા ધનકચરાના નિકાલ માટે ઈ-રીક્ષા ફાળવણી જેવા વિકાસના કામો કરવામાં આવે છે. વધુમાં વુડાના પૂર્વ વિસ્તારના ૧૧ ગામોને પીવાનું પાણી પહોચાડવા માટેનો પ્રોજેક્ટ હાલ GWSSB માં તાંત્રિક મંજૂરી માટે પાઠવેલ છે. જે અંતર્ગત ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ કામગીરી કરવાની થાય છે અને પમ્પીંગ મશીનરી ચેક કરવાની થાય છે. હાલ વુડામાં ઉક્ત કામો કરવા માટે કોઈ ઇલેક્ટ્રિકલ તથા મિકેનિકલ એન્જીનીયર નથી. જેથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ તથા પાણી પુરવઠાના કામોમાં ઇલેક્ટ્રિક અને મિકેનિકલ કામગીરી કરવા માટે અને મશીનરીના ચેકીંગ કરવા માટે ઇલેક્ટ્રિક એન્જીનીયર તથા મિકેનિકલ એન્જીનીયર ની ઘણી જરૂરીયાત છે. વુડામાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર નં. UDA-102013-2929-V અનુસાર વુડાના એન્જીનીયરીંગ વિભાગમાં ૦૫ (પાંચ) આસીસ્ટન્ટ ઈજનેર અને ૦૮ (આઠ) એડીશનલ આસીસ્ટન્ટ ઈજનેરની જગ્યાનુ મહેકમ મંજુર થયેલ છે. જે પૈકી વુડા દ્વારા ઉપરોકત પ્રોજેકટ માટે ૦૧ (એક) ઈલેકટ્રીકલ ઈજનેર તથા ૦૧ (એક) મિકેનિકલ ઈજનેરની ડાયરેકટ ભરતી કરવી જરૂરી છે તો ઉપરોકત ૦૨ (બે) ઈજનેરની ભરતી કરવા તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને ઉપરોકત ભરતીની કાર્યવાહી કરવાની મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૭૮૧) : પાણી અને ડ્રેનેજની કામગીરી માટે મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જીનીયર ની ભરતી કરવા શહેરી વિકાસ ના પરીપત્ર મુજબ ઇન્ટરવ્યુ દ્વારા લેવા અથવા અમૃતમ યોજના ના ગ્રાન્ટમાંથી ઇલેક્ટ્રિકલ (૦૧) મિકેનિકલ (૦૧) ઈજનેર ની સર્વાનુમતે કરવામાં આવ્યું તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નં.( ૮ ) :** મોજે ખટંબાના બ્લોક.નં. ૭૨/અ/પૈકી તથા બ્લોક.નં. ૭૭/પૈકી ખાતેની પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૦૮ બોરવેલ બનાવવાની કામગીરી બાબત.

વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મોજે ખટંબાના બ્લોક.નં. ૭૨/અ/પૈકી તથા બ્લોક.નં. ૭૭/પૈકી ખાતે ઈ.ડબલ્યુ.એસ-૨ ના કુલ ૧૨૮૬ આવાસો, ૫૦ દુકાનો તથા ૫૦ ઓફિસોના બાંધકામની કામગીરી તા. ૧૫/૦૧/૨૦૨૦ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. જેમાં પઝેશન સોંપવાની કામગીરી તથા લાભાર્થીઓ દ્વારા આવાસ યોજનાનું એસોસિયેશન બનાવવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. જેમાં લગભગ ૧૨૪૦ જેટલા આવાસોના પઝેશન સોંપી દીધેલ છે. આવાસ યોજનાના બાંધકામ દરમ્યાન બોરવેલનું પાણી પોર્ટેબલ ન હોવાને કારણે આવાસ યોજનાનું બાંધકામ બહારથી પોર્ટેબલ પાણી લાવી કરવામાં આવેલ હતુ. જે વિગતે આવાસ યોજનાના વપરાશ માટે બનાવવાના થતા બોરવેલને રિચાર્જવેલમાં તબદીલ કરવામાં આવેલ છે. પરંતુ આવાસ યોજનામાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્પલાય કરવામાં આવતો પાણીનો જથ્થો જરૂરિયાત કરતા ઓછો હોવાને તથા આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા વારંવાર કરવામાં આવેલ રજુઆતોને ધ્યાને લઈ અત્રેની કચેરી દ્વારા વડોદરા મહાનગરપાલિકાને પાણીના જથ્થા તથા સમયમાં વધારો કરવા માટે ભલામણ કરવામાં આવેલ હતી. જે પરત્વે વી.એમ.સી. દ્વારા આવાસ યોજનામાં બોર બનાવી તેઓ દ્વારા સપ્લાય કરવામાં આવતા પાણીને મીક્ષ કરી વપરાશમાં લેવા જણાવવામાં આવેલ હતુ. આથી સદરહું આવાસ યોજનામાં વધારાના ૦૮ બોરવેલ બનાવવા માટે મંજુરી મેળવી. આવાસ યોજનામાં પી.એમ.સી. તરીકે કામગીરી સંભાળનાર એજન્સી જયેશ એ. દલાલ, સુરતને વર્ક ઓર્ડર આપી મંજુરી મુજબના કુલ ૦૮ બોરવેલ બનાવવાનો અંદાજ રૂ. ૩૫,૯૧,૬૨૩/- નો તૈયાર કરાવેલ છે. **DPR** તૈયાર કરી ઓન-લાઈન ટેન્ડર બહાર પાડી ઈજારદારશ્રી નક્કી કરવા અંગે ની કાર્યવાહી કરેલ છે. આથી બોરવેલ બનાવવાની કામગીરી માટે નક્કી કરેલ પી.એમ.સી. તથા ઈજારદારશ્રી નક્કી કરવા માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડર ને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૮૨)** :મોજે ખટંબા બ્લોક.નં. ૭૨/અ/પૈકી તથા બ્લોક.નં. ૭૭/પૈકી ખાતેની પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બોરવેલ બનાવવાની કામગીરી માટે નક્કી કરેલ પી.એમ.સી. અને ઈજારદારશ્રી નક્કી કરવા માટે કરેલ ટેન્ડર પ્રક્રિયાને બહાલી આપવામાં આવી તથા કામગીરી કરવા થનાર ખર્ચ અંગેની આગળની કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નં (૯) : વિકાસ પરવાનગી અને રીવાઈઝ્ડ વિકાસ પરવાનગી અર્થે રજુ થતાં પ્રકરણોમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હાલમાં ચાલતી કચેરી પ્રથામાં ફેરફાર કરવા બાબત.**

ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ધ આર્કિટેકટ એન્ડ એન્જીનીયર એસોસીએશન દ્વારા વિકાસ પરવાનગી, રીવાઈઝ્ડ વિકાસ પરવાનગી અને રીન્યુઅલ અર્થે રજુ થતાં પ્રકરણોમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હાલમાં ચાલતી કચેરી પ્રથામાં ફેરફાર કરવા બાબતે તા.૦૧/૦૯/૨૦૨૧ ના રોજ અરજી કરેલ હતી. જે મુદ્દા પરત્વે અત્રેની આગામી બે બોર્ડ બેઠકમાં તથા આખરી બોર્ડ બેઠક નં.૨૪૭ ઠરાવ ક્રમાંક: ૨૭૪૩ માં વિગતવાર ચર્ચાના અંતે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તથા વીએમસીની કાર્યપધ્ધતિમાં એકસૂત્રતા રહે તે હેતુસર વડોદરા મહાનગરપાલિકામાં ચાલતી પ્રથા તથા સરકારશ્રીના કાયદા તથા વખતોવખતના નિયમો, પરિપત્રો અને ઠરાવો અન્વયે વિગતવાર અભ્યાસ કરી આગામી બોર્ડ બેઠકમાં ચર્ચા વિચારણા અર્થે રજુ કરવાનું ઠરાવવામાં આવેલ હતું. જે અન્વયે અન્ય સત્તામંડળોમાં મૌખિક તપાસ કરાવતાં સદર સત્તામંડળો દ્વારા પણ સી.જી.ડી.સી.આર. મુજબ પ્રકરણના પ્રકારને આધારિત કાર્યવાહી કરવામાં આવતી હોવાનું જણાવેલ છે. તથા હાલ ધ આર્કિટેકટ એન્ડ એન્જીનીયર એસોસીએશન દ્વારા અત્રે ફરી સંદર્ભિત અરજીથી રજુઆત કરેલ છે. જે ધ્યાને લઇ સામેલ પત્રકમાં જણાવ્યા મુજબની હાલની પ્રથામાં ફેરફાર કરવા ચર્ચા વિચારણા અને ઉચીત નિર્ણય લેવા અંગેનો મુદ્દો બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક ( ૨૭૮૩ )** : વિકાસ પરવાનગી અને રીવાઈઝ્ડ વિકાસ પરવાનગી અર્થે રજુ થતાં નવિન પ્રકરણોમાં સરકારશ્રી દ્વારા મંજુર તથા અમલી CGDCR મુજબ વિકાસ પરવાનગી મેળવ્યા તારીખની જો ચાર વર્ષની સમય મર્યાદા વીતી ગયેલ હોય તે કિસ્સામાં માત્ર સમય મર્યાદાને ધ્યાનમાં લઈ પ્લીન્થચેક પ્રમાણપત્ર/ ઓક્યુપન્સી પ્રમાણપત્ર/ બાંધકામ વપરાશ પરવાનગી મેળવતા પહેલા નકશા રીવાઈઝ્ડ કરાવવાની પ્રથા બંધ કરી, આ ઠરાવની તારીખથી નવા રજુ થતાં વિકાસ પરવાનગીના કિસ્સાઓમાં સી.જી.ડી.સી.આર. મુજબની પધ્ધતિ અમલ કરવા તેમજ ટી.પી. / નોન ટી.પી. વિસ્તારમાં કપાતના ધોરણ બાબતે અત્રેના સત્તામંડળ/ સરકારશ્રી / નગર રચના અધિકારીશ્રી દ્વારા જે કોઈ નિર્ણય લેવામાં આવશે તો તે સબંધિત જમીનમાલિકો/ ડેવલપર્સ/મિલકત ધારકો/કબજેદારોને બંધનકર્તા રહેશે અને તેનો અમલ કરવાનો રહેશે. તે મુજબનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

# બાંધકામ પરવાનગી અને ન.ર.યો.ની વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હાલમાં ચાલતી પ્રથાનુસારની પ્રક્રિયામાં ફેરફાર સૂચવતું પત્રક

| નં. | મુદ્દો | હાલની વુડાની પ્રથમ | સૂચિત ફેરફાર |
|---|---|---|---|
| ૧ | વિકાસ પરવાનગીને રીન્યુ/રીવેલીડેટ અને રીવાઈઝ્ડ કરવા બાબત. | • વુડામાં પ્રવર્તમાન પ્રથાનુસાર બાંધકામ પરવાનગી મેળવ્યા તારીખથી એક વર્ષમાં પરવાનગી રીન્યુ/ રીવેલીડેટ કરાવવાની રહે છે. તથા વધુમાં વધુ ત્રણ વર્ષ માટે રીન્યુ/રીવેલીડેટ કરાવી શકે છે.<br>• અત્રેથી વિકાસ પરવાનગી મેળવ્યા તારીખથી જો ચાર વર્ષની સમય મર્યાદા વીતી ગયેલ હોય તે કિસ્સામાં અરજદારશ્રી દ્વારા પ્લીન્થચેક પ્રમાણપત્ર / ઓક્યુપન્સી પ્રમાણપત્ર / બાંધકામ વપરાશ પરવાનગી પ્રમાણપત્ર મેળવતા પહેલા નકશા રીવાઇઝડ કરાવવામાં આવે છે. | • અરજદારશ્રીની બાંધકામ પરવાનગી મેળવ્યા બાદ જો બાંધકામ ચાલુ કરી તેની જાણ અત્રેની કચેરીને કરે તે કિસ્સામાં દર વર્ષ તેઓને અત્રેથી અપાયેલ વિકાસ પરવાનગી રીન્યુ/રીવેલીડેટ કરાવવાની જરૂરીયાત ન રહે તેવુ અત્રેનું સુચન છે.<br>• વધુમાં અત્રેથી વિકાસ પરવાનગી મેળવ્યા તારીખની જો ચાર વર્ષની સમય મર્યાદા વીતી ગયેલ હોય તે કિસ્સામાં માત્ર સમય મર્યાદાને ધ્યાનમાં લઈ પ્લીન્થચેક પ્રમાણપત્ર/ ઓક્યુપન્સી પ્રમાણપત્ર/ બાંધકામ વપરાશ પરવાનગી મેળવતા પહેલા નકશા રીવાઈઝ્ડ કરાવવાની પ્રથા બંધ કરી, આ ઠરાવની તારીખથી નવા રજુ થતાં કિસ્સાઓમાં સી.જી.ડી.સી.આર. મુજબની પધ્ધતિ અમલ કરવા સુચન થઈ આવવા દરખાસ્ત છે. પરંતુ ટી.પી. / નોન ટી.પી. વિસ્તારમાં કપાતના ધોરણ બાબતે અત્રેના સત્તામંડળ/ સરકારશ્રી / નગર રચના અધિકારીશ્રી દ્વારા જે કોઈ નિર્ણય લેવામાં આવશે તો તે સબંધિત જમીનમાલિકો/ ડેવલપર્સ/મિલકત ધારકો/કબજેદારોને બંધનકર્તા રહેશે અને તેનો અમલ કરવાનો રહેશે. |

**મુદ્દા નં (૧૦) : મુસદ્દારૂપ નગર રચના યોજનાઓમા નાના ક્ષેત્રફળ ધરાવતી જમીનોમાં કપાતનું ધોરણ નક્કી કરવા બાબત .**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા હાલમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/બી (આમલીયારા), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૬/ડી (રતનપુર) અને મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૧ (આમોદર) એમ કુલ-૦૩માં અનુક્રમે તા.૧૭/૦૧/૨૦૨૨, ૨૦/૦૧/૨૦૨૨, ૧૭/૦૧/૨૦૨૨ થી કલમ-૪૧(૧) હેઠળ ઇરાદો જાહેર કરવામાં આવેલ છે. તથા તેની કામગીરી હાલ પ્રગતિમાં છે.

સદરહુ નગર રચના યોજનામાં સામાન્ય રીતે ૪૦% કપાત ધોરણ રાખવામાં આવેલ છે. પરંતુ સદરહું કપાતનું ધોરણ જો નાના ક્ષેત્રફળ વાળા પ્લોટમાં પણ અપનાવવામાં આવે તો સદર અંતિમખંડવાળી જમીનમાં સીજીડીસીઆર મુજબ આયોજન થઇ શકે તેમ નહીં હોવાનું જણાય છે. જેમાં વિગતો ધ્યાને લેતાં ઉપરોકત તમામ રજુઆત મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવતા અંતિમખંડમાં સીજીડીસીઆરની જોગવાઇ અનુસાર વિકાસ કરવાપાત્ર ક્ષેત્રફળ મળી રહે તે હેતુથી કપાતની ટકાવારી નીચે દર્શાવેલ પત્રક મુજબ રાખવા સારૂ બોર્ડ સમક્ષ રજુ.

| અનું.નં. | મુળખંડનું ક્ષેત્રફળ | કપાતનું અપાવવાનું થતું ધોરણ |
|---|---|---|
| ૧ | ૫૦ ચોરસ મીટર સુધી | ૧૦૦% (વળતર ચૂકવવાને પાત્ર) |
| ૨ | ૫૧ થી ૧૦૦ ચોરસ મીટર સુધી | ૦% |
| ૩ | ૧૦૧ થી ૩૦૦ ચોરસ મીટર સુધી | ૨૦% |
| ૪ | ૩૦૧ ચોરસ મીટર થી વધુ | ૪૦% |

**ઠરાવ ક્રમાંક ( ૨૭૮૪ )** ઉકત મુદ્દા પરત્વે બોર્ડના સર્વ સભ્યો દ્વારા વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/બી (આમલીયારા) મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૬/ડી (રતનપુર) અને મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (આમોદર) માં સમાવિષ્ટ થતી જમીનોમાં કુદરતી રીતે નાના ક્ષેત્રફળ ધરાવતી જમીનો અંગે ઉકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ક્ષેત્રફળને આધારે કપાતનું ધોરણ અપનાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર.(૧૧): મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજનાનં.૨૫ (ટેકનોલોજી પાર્ક)માં કામચલાઉ પુન: રચના યોજનાની દરખાસ્ત અન્વયેવુડા વિસ્તારની હદમાં આવતા મોજે અણખોલ, હનુમાનપુરા, ખટંબાના રસ્તા તથા સત્તામંડળના અનામત પ્લોટો બાબતે વડોદરા શહેરી વિકાસ સતામંડળની અનુમોદન આપવા બાબત.**

ઉપરોકત વિષયે જણાવવાનું કે, મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (ટેકનોલોજી પાર્ક) (હનુમંતપુરા-અણખોલ-ખટંબા-બાપોદ) વુડા સરકારશ્રીના તા.૩૧/૧૨/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૨૦૧૯ નો ૧૯૧/ટીપીએસ-૧૨૨૦૧૯-૩૬૬-લ, થી મંજુર થયેલ. તથા સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ સદર નગર રચના યોજનાને આખરી કરવા સરકારશ્રીના તા.૧૬/૦૧/૨૦૨૦ ના અધિસુચના ક્રમાંક: જીએચ/વી/૨૦૨૦ નો ૦૭/નરયો-૧૦૨૦૧૮-૪૬૩૩-લ થી નગર રચના અધિકારીની નિમણુંક થયેલછે. તથા નગર રચના અધિકારીશ્રી દ્વારા તા.૨૮/૦૨/૨૦૨૦ થી નગર રચના અધિકારી તરીકે ફરજો સંભાળેલ છે. સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના ની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતા મોજે. હનુમંતપુરા,અણખોલ,ખટંબા, બાપોદ પૈકી વુડા વિસ્તારના મોજે અણખોલ, હનુમાનપુરા, ખટંબાના રસ્તા તથા સત્તામંડળના અનામત પ્લોટો બાબતે વડોદરા શહેરી વિકાસ સતામંડળની અનુમોદન આપવા બાબતે નગર રચના અધિકારીશ્રી દ્વારા તા.૨૯/૦૧/૨૦૨૨ પત્ર ક્રમાંક નં. નરયો/વડોદરા/નં.૨૫ (ટેકનોલોજી પાર્ક)/કા.પુ. પરામર્શ (વુડા)/૧૯૫ થી કા.પુ. યોજનાની દરખાસ્ત અત્રે પાઠવેલ છે.

ઉકત કા.પુ.યોજનાની દરખાસ્ત અન્વયે અત્રેથી આપવા જોગ સુચન/પરામર્શની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ કા.પુ. યોજના અન્વયે તે મુજબનો અનુમોદન આપવા બાબતના નગર રચના અધિકારીશ્રીના પરામર્શને અત્રેથી આપવાજોગ સુચન/અનુમોદન અન્વયેનો મુદ્દો બોર્ડના સર્વ સભ્યશ્રી સમક્ષ ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૮૫)** : મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (ટેકનોલોજી પાર્ક) માં સરકારશ્રી દ્વારા નિયુકત નગર રચના અધિકારીશ્રી દ્વારા તૈયાર કરી અત્રેના પરામર્શ અર્થે પાઠવેલ કામચલાઉ પુન:રચના યોજનાની દરખાસ્ત અન્વયે રસ્તા તથા રીઝર્વેશન બાબતે સામેલ પત્રક મુજબ સુચનસહ પરામર્શ આપવાનું બોર્ડના સર્વ સભ્યો દ્વારા સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

**મુદ્દા નંબર.(૧૨): મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજનાનં.૨૫ (ટેકનોલોજી પાર્ક)માં મોજે અણખોલ, તા.જી.વડોદરાના બ્લોકનં.૩૨, મૂળખંડ નં.૭૨/૪, અંતિમખંડ નં.૭૨/૪ માં પાર્ટ પરામર્શ અન્વયે સદર પોકેટમાં સમાવિષ્ટ રીઝર્વેશન તથા રોડ રસ્તા/રસ્તાની દરખાસ્તનો પરામર્શ મેળવવા બાબત.**

ઉપરોકત વિષયે જણાવવાનું કે, મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજનાનં.૨૫ (ટેકનોલોજી પાર્ક) (હનુમંતપુરા-અણખોલ-ખટંબા-બાપોદ) વુડા સરકારશ્રીના તા.૩૧/૧૨/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૨૦૧૯ નો ૧૯૧/ટીપીએસ-૧૨૨૦૧૯-૩૬૬-લ, થી મંજુર થયેલ. તથા સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ સદર નગર રચના યોજનાને આખરી કરવા સરકારશ્રીના તા.૧૬/૦૧/૨૦૨૦ ના અધિસુચના ક્રમાંક: જીએચ/વી/૨૦૨૦ નો ૦૭/નરયો-૧૦૨૦૧૮-૪૬૩૩-લ થી નગર રચના અધિકારીની નિમણુંક થયેલછે. તથા નગર રચના અધિકારીશ્રી દ્વારા તા.૨૮/૦૨/૨૦૨૦ થી નગર રચના અધિકારી તરીકે ફરજો સંભાળેલ છે. સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના ની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતા મોજે અણખોલના બ્લોક નં. ૩૨ ની જમીનમાં સરદારધામ બોમ્બે સાર્વજનીક રજીસ્ટર્ડ ટ્રસ્ટ દ્વારા જાહેર હેતુના શૈક્ષણિક, હોસ્ટેલ અને આનુસાંગિક ચેરીટેબલ પ્રવૃત્તિઓ કરવા માટે રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના તા.૨૮/૦૭/૨૦૨૦ ના રોજના પત્રાંક નં.નરય-૧૨૨૦૨૦-મુમક-૧૬૩-લ થી મૂળખંડ નંબરની ૧૩૯૬૨ ચોરસ મીટરની જમીનમાંથી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ ની ૪૦% લેખેની ટી.પી. કપાત કર્યા બાદ ફાળવેલ અંતિમખંડ નં. ૭૨/૪ ની ૮૩૭૭ ચોરસ મીટરની દરખાસ્તને બદલે ૧૨૫૬૬ ચોરસ મીટરના (૧૦% ટી.પી. કપાત કરીને) અંતિમખંડ ફાળવવા સારૂ નગર રચના અધિકારીશ્રી વડોદરાને જણાવેલ છે. (જેની નકલ આ સાથે સામેલ છે).

જે અન્વયે નગર રચના અધિકારીશ્રીને સરકારશ્રીમાંથી મળેલ સૂચન મુજબ નગર રચના અધિકારીશ્રી દ્વારા પાર્ટ પરામર્શની દરખાસ્ત તૈયાર કરી મુખ્ય નગર નિયોજકશ્રી, વડી કચેરી ગાંધીનગરના પરામર્શ અર્થે પાઠવવામાં આવેલ; જેની જાણ અત્રેને કરવામાં આવેલ છે. તથા સદર દરખાસ્ત અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રીનું અનુમોદન/પરામર્શ તા.૧૫/૧૦/૨૦૨૦ ના પત્રનં.નરયો/ન.૨૫ (સ્પેશ્યલ નોડ-૨, ટેકનોલોજી પાર્ક)/પાર્ટ પરામર્શ/ દ.ગુ./૫૨૩૪ હેઠળના પત્રથી આપવામાં આવેલ. અને તે પરત્વે અત્રેથી સવાલવાળી જમીનમાં વિકાસ પરવાનગીની માંગણી સંદર્ભે અત્રેથી તા.૧૭/૧૦/૨૦૨૦ ના રોજના પત્રાંક : યુડીએ/પ્લાન-૧/૨૨૮/૨૦૨૦ થી નગર રચના અધિકારીશ્રીના અભિપ્રાય મંગાવેલ. જેના અનુસંધાને નગર રચના અધિકારીશ્રીની દ્વારા તેઓના તા.૧૯/૧૦/૨૦૨૦ ના રોજના પત્રાંક : નરયો/નં. ૨૫/ ટેકનોલોજી પાર્ક/જનરલ/૬૬૦૦ થી મુસદ્દારૂપ નગર રચના યોજનાની સાદર કરાયેલ અને મંજુર કરાયેલ દરખાસ્ત મુજબ તથા તૈયાર કરેલ નવિન પાર્ટ- પરામર્શની દરખાસ્તની વિગતો નીચે મુજબ છે.

મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્ત મુજબ

| કેસ નં. | બ્લોક | મૂળખંડ નં. | મૂળખંડનું ક્ષેત્રફળ | અંતિમખંડ નં. | અંતિમખંડનું ક્ષેત્રફળ | કપાત (%) |
|---|---|---|---|---|---|---|
| ૭૮ | ૧૯ (સ.નં.૫૨, ૭૪ એકત્ર બ્લોકનં.૩૨) | ૭૨/૪ | ૧૩૯૬૨ ચો.મી. | ૭૨/૪ | ૮૩૭૭ ચો.મી. | ૪૦ |

પાર્ટ-પરામર્શની દરખાસ્ત મુજબ ......

| કેસ નં. | બ્લોક/રે.સ.નં. | મૂળખંડ નં. | મૂળખંડનું ક્ષેત્રફળ | અંતિમખંડ નં. | અંતિમખંડનું ક્ષેત્રફળ | કપાત (%) |
|---|---|---|---|---|---|---|
| ૭૮ | ૧૯ (સ.નં.૫૨, ૭૪ એકત્ર બ્લોકનં.૩૨) | ૭૨/૪ | ૧૩૯૬૨ચો.મી. | ૭૨/૪ | ૧૨૫૬૬ ચો.મી. | ૧૦ |

આમ, ઉક્ત ફેરફારના કારણોસર મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજનામાં મૂળખંડનં.૭૨/૪ વાળી જમીનમાં સુચિત ૪૦% ટી.પી. કપાતના બદલે ૧૦% કપાત થવાના કારણોસર રહેણાંક હેતુ માટે વેચાણપાત્ર (Sale for Residential Use) ના અંતિમખંડ નં. ૨૯૫+૨૯૬ ની જમીનમાં ૪૧૮૯ ચોરસ મીટરનો ઘટાડો થાય છે. પરંતુ સદર જમીનમાં કપાત ઓછી કરવા સંબંધે સરકારશ્રીનું સુચન હોઇ; બોર્ડની મંજુરીની અપેક્ષાએ તથા તે અન્વયે બોર્ડની બહાલી મેળવવા બોર્ડ સમક્ષ રજુ કરવાની શરતે માન. ચેરમેનશ્રીની મળેલ મંજુરીના અનુસંધાને અત્રેથી તા.૨૨/૧૦/૨૦૨૦ ના પત્ર નં.યુડીએ/પ્લાન-૪/૩૯/૨૦૨૦ના પત્રથી નગર રચના અધિકારીશ્રીને મોજે અણખોલના બ્લોકનં.૩૨, મૂળખંડ નં.૭૨/૪, અંતિમખંડ નં.૭૨/૪ પુરતો જ પાર્ટ પરામર્શ આપવામાં આવેલ છે. જે ધ્યાને લઇ; મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (ટેકનોલોજી પાર્ક) માં સમાવિષ્ટ બ્લોકનં.૩૨ વાળી જમીનમાં ૪૦% ને બદલે ૧૦% કરેલ કપાત તથા તે પરત્વે સમુચિત સત્તામંડળને સંપ્રાપ્ત થનાર પ્લોટના ક્ષેત્રફળમાં ૪૧૮૯ ચો.મી. ઘટાડો થવા બાબતના નગર રચના અધિકારીશ્રીના પાર્ટ-પરામર્શને અત્રેથી આપેલ અનુમોદન અન્વયેનો મુદ્દો બોર્ડના સર્વ સમક્ષ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાક : ( ૨૭૮૬ )** મંજુર અમલી મુસદ્દારૂપ નગર રચના યોજનાનં.૨૫ (ટેકનોલોજી પાર્ક)માં મોજે. અણખોલ, બ્લોકનં. ૧૯ (સ.નં.૫૨, ૭૪ એકત્ર બ્લોકનં.૩૨), મુળખંડ નં.૭૨/૪, અંતિમખંડ નં.૭૨/૪ માં સરકારશ્રી દ્વારા નિયુક્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા તૈયાર કરેલ પાર્ટ – પરામર્શ પરત્વે ચર્ચા વિચારણા અંતે; સવાલવાળી જમીનમાં ૪૦% ટી.પી. કપાતને બદલે ૧૦% કપાત કરવા અંગે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્રાંક નં.નરય-૧૨૨૦૨૦-મુમક-૧૬૩-લ તા.૨૮/૦૭/૨૦૨૦ થી નગર રચના અધિકારીશ્રીને જણાવેલ હોઇ, સદર બાબતે નગર રચના અધિકારીશ્રીને પાર્ટપરામર્શ દરખાસ્તને અનુમોદન આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

મુધ્દા નં.(૧૩) વુડા ભવન બિલ્ડીંગ માટે ડીઝલ જનરેટર (D.G.) ખરીદ કરવાની સત્તા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વડોદરા "વુડા ભવન" બિલ્ડીંગ ૨૧ વર્ષ પહેલા બનાવવામાં આવેલ હતી. આ બિલ્ડીંગમાં બેઝમેન્ટ સહીત કુલ-૯ (નવ)માળ આવેલા છે. સદર બિલ્ડીંગના બેઝમેન્ટ, પ્રથમ તથા બીજો માળ "વુડા ભવન"ની ઇલેકટ્રીક સીસ્ટમ એક ડિઝલ જનરેટર સાથે સંકળાયેલ છે અને "વુડા ભવન"ની બિલ્ડીંગની લીફટ તથા ફાયર સીસ્ટમ પણ જનરેટર સાથે સંકળાયેલ છે. જે સાથે જોડાયેલ જનરેટર અંદાજે વર્ષ-૨૦૦૧ માં ખરીદેલ છે અને હાલમાં બંધ હાલતમાં છે

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાની કચેરીમાં ફાયર સીસ્ટમ લગાવવામાં આવેલ છે. જે ફાયર સીસ્ટમની રીપેરીંગની કામગીરી કરાવવામાં આવેલ હતી. જે અંતર્ગત ફાયર બોટલ, સ્પ્લીંકર સીસ્ટમ, સ્મોક ડિટેકટર, હોઝરીલ તથા એલાર્મ સીસ્ટમ નાખવામાં આવેલ હતી. ત્યારબાદ ફાયર N.O.C. ના રીન્યુઅલ માટે કોર્પોરેશનના અધિકારીશ્રીઓને બોલાવવામાં આવેલ હતા. પરંતુ વુડા ભવનનું ડિઝલ જનરેટર ( D.G.) સેટ ચાલુ ન હોવાથી અત્રેને નોટીસ પાઠવેલ છે અને મૌખિક સુચના મળેલ છે. જનરેટર ( D.G.)સેટ ચાલુ ન હોવાથી ફાયર N.O.C. મળેલ નથી. જેથી નવીન ડીઝલ જનરેટર ટેન્ડર પ્રક્રિયાથી ખરીદી કરવા થાય છે.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ઉકત અગત્યની કામગીરી માટે નવુ જનરેટર લગાવવુ ખુબ જ જરૂરી જણાય છે. જેને ખરીદી માટે અંદાજે રૂા.૨૫/-લાખ સુધી ખર્ચ થાય તેમ છે.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાની તા.૦૩/૦૬/૨૦૧૫ ની બોર્ડ બેઠક નં.૨૨૪ ના ઠરાવ ક્રમાક : ૨૨૪૦ થી ઠરાવ્યા મુજબ સરકારશ્રીમાં મંજુરી માટે મોકલેલ સત્તાસોપણીના વિનિયમોને મંજુરી ન મળે ત્યા સુધી મુખ્ય કારોબારી અધિકારીશ્રીને પ્રાપ્ત રૂા.૫,૦૦,૦૦૦/-(પાંચ લાખ) ની નાંણાકીય સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ છે. જેથી નવીન ડીઝલ જનરેટર ટેન્ડર પ્રક્રિયાથી ખરીદી કરવા માટેની મંજુરી આપવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તાઓ સોપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી ચર્ચા-વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક: (૨૭૮૭)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના "વુડા ભવન" બિલ્ડીંગ માટે ડીઝલ જનરેટર (D.G.) ખરીદી કરવા ૫(પાંચ) લાખ કરતા વધુ ખર્ચ થતો હોવાથી નવીન ડીઝલ જનરેટર ખરીદી કરવા માટેની મંજુરી આપવા તથા આગળની સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

અંતમાં સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

સહી/-
સભ્ય-સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

સહી/-
અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા